હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના સાહેબ, કોરોનાની કોઈ નકારાત્મક અસર અમારા જીવન પર પડી નથી... પહેલા અમે પાર્ટ ટાઈમ મંજીરા વગાડતા હતા હવે અમે તે કામ ફૂલટાઈમ કરીએ છીએ...!!

ગાંધીનગર મનપાના ૧૧૬ કરોડના કામોનું ૧૦મીએ અમિતભાઈના હસ્તે ઈ-લોકાર્પણ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સંસદીય મત વિસ્તાર આવતાં ગાંધીનગર મહાનગરપાલિકા, કલોલ અને ગાંધીનગર તાલુકામાં તા. ૧૦મી સપ્ટેમ્બરના રોજ સાસંદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ૧૩૪ કરોડ ૬૪ લાખથી વધુ રૂપિયાના વિવિધ વિકાસ કામોનું ટેકનોલોજીના માધ્યમ થકી ઈ - લોકાર્પણ – ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમ ગાંધીનગર કલેકટર કચેરી, સેકટર- ૭/એના બગીચામાં અને રૂપાલ ગામ ખાતે સવારના ૧૧.૦૦ કલાકે યોજાશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની કામગીરીનું આધુનિકરણ કરવા માટે નાણાંકીય હિસાબ સંચાલન, માનવ સંસાધન સિસ્ટમ, યોજના સંચાલન, પ્રાપ્તિ વ્યવસ્થાપન, સંપત્તિ, અહેવાલ, મોબાઈલ એપ્લિકેશન, વેબ પોર્ટલ, આંતર-વિભાગ ફાઈલ સંચાલન જેવા અનેક કામોનું સરળીકરણ કરવા માટે રૂપિયા ૫૩૮ લાખના ખર્ચે તૈયાર થયેલ ઈ.આર.પી. અને ઈ-ગવર્નન્સ પ્રોજેકટનું લોકાર્પણ કરવામાં આવશે. તેમજ ગાંધીનગરના નાગરિકોને ઓનલાઈન સુવિધાઓ પૂરી પાડવા માટે રૂપિયા ૫૧૯ લાખના ખર્ચે પ્રોપટી ટેક્ષ સર્વે એન્ડ બેઝ મેપ ક્રિએશન, અપડેશન એન્ડ ઈમ્પ્લીમેન્ટેશન ઓફ એન્ટરપ્રાઈઝ જી.આઈ.સી. એપ્લીકેશન તૈયાર કરવામાં આવી છે, તેનું પણ લોકાર્પણ કરવામાં આવશે. સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂપિયા ૪૩૫ લાખના ખર્ચે સેકટર –૨, ૭/એ અને ૯ ના નવીનીકરણ કરવામાં આવેલા બગીચાઓનું પણ સાંસદશ્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવશે. તેમજ ગાંધીનગર તાલુકામાં પીપળજ અને પીડારડા ગામમાં રૂપિયા ૧૦ લાખ જેટલાના ખર્ચે તૈયાર થયેલા જનસુખાકારીના વિવિધ કામોનું લોકાર્પણ કરવામાં આવશે.

ભવિષ્યમાં સેકટરોમાં ટ્રાફિકની સમસ્યા ન થાય તેનું આગોતરા આયોજનના ભાગ રૂપે ગાંધીનગરના સેકટર – ૭,૧૧,૧૭,૨૧ અને ૨૨ ખાતે રૂપિયા ૩૩ કરોડ ૨૨ લાખના ખર્ચે રસ્તાઓનો વિકાસકામનું તથા અન્ય સેકટરોમાં સ્માર્ટ સીટી યોજના અંતર્ગત કન્સ્ટ્રકશન ઓફ ફોર લેનીંગ ઓફ સેકટર લેવલ રોડ્સ એન્ડ એપ્રોચ રોડ્સની કામગીરી રૂપિયા ૩૦ કરોડ ૪૮ લાખના ખર્ચે કરવામાં આવનાર છે, તેનું પણ ખાતૂમૂહુર્ત કરવામાં આવશે.

કલોલ તાલુકાના આદરજ મોટી ગામે રૂપિયા ૯૦ લાખથી વધુના ખર્ચે કન્યાશાળામાં ૧૧ વર્ગખંડ અને મોટી ભોયણ ગામે શાળા નંબર – ૧ માં રૂપિયા ૩૩ લાખ જેટલા ખર્ચે નવા ૪ વર્ગ ખંડના નવનિર્માણ કામનું પણ ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવશે. ગાંધીનગર તાલુકાના રૂપાલ, વાસન, સરઢવ, આદરજ મોટી,સોનીપુર ઉનાવા, પીંપળજ, જલુંદ અને પીંડારડા ગામમાં લોકસુખાકારી અને વિકાસના ૨૩ કામો રૂપિયા ૫૦ લાખના ખર્ચે કરવામાં આવનાર છે. જેમાં આંગણવાડીની કંપાઉન્ડ વોલ, સી.સી. રોડ, સ્મશાન પેવર બ્લોક, ગટરલાઈન, સંરક્ષણ દિવાલ, ધોબીઘાટ, પાણીની પાઈપલાઈન, શાળામાં શેડ જેવા વિવિધ કામોનું પણ સાસંદશ્રીના હસ્તે ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવશે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર ભાજપના અગ્રણી રૂચિર ભટ્ટના પિતાશ્રીનું દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર મનપાના સીટી ઈજનેર ભરતભાઈ પંડ્યાના માતુશ્રીનું પણ ટુંકી સારવાર બાદ દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રથમ માળે આવેલ ટોયલેટની ગટરનું પાણી લીક થઈ સીડીના પગથિયાઓમાં આવે છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર ઔપચારિક મુલાકાતે આવ્યા હતા.
- કલોલના સાંતેજમાં એક ફેક્ટરીમાં વીજ કરંટ લાગતા પાંચના મોત, બે ગંભીર
- ગાંધીનગર જિલ્લામાં ૧૩ સપ્ટેમ્બર સુધી મહત્તમ તાપમાન ૩૩-૩૪ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેશે તેવુ પૂર્વાનુમાન કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૪૬ માં વ્યક્ત કરાયુ છે.

પેટ્રોલ પંપની ગેરરીતિ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં

કાનુની માપ વિજ્ઞાન નિયંત્રકની કચેરીએ જણાવ્યું છે કે, રાજ્યના પેટ્રોલ પંપો પર થતી ગેરરીતિ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં. ઓટોમેશન તેમજ આધુનિક ટેકનોલોજીને કારણે પેટ્રોલ ડીઝલ પંપમાં થતી ગેરરીતિના કેસોમાં પ્રતિ વર્ષ નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. એટલું જ નહીં રાજ્યના તમામ પેટ્રોલ પંપ ઉપર નિયમિત ચેકિંગ કરવા માટે સતત ટીમ સક્રીય હોય છે. વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન પેટ્રોલ-ડીઝલ ઓછું આપવા તથા અન્ય ગેરરીતિઓ બાબતે રાજ્યમાં કુલ ૭૧ કેસ નોંધવામાં આવ્યા હતા. જે ઘટીને વર્ષ ૨૦૧૯-૨૦ જુલાઈ મહિના સુધી કુલ આઠ કેસ નોંધાયા છે.'રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા એજન્સીલ નામનું કોઈ મંડળ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક સુરક્ષાની કચેરી ખાતે નોંધાયેલ નથી કે આવો કોઈ હોદ્દો રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવ્યો નથી.

ભાજપ યુવા મોરચા દ્વારા પ્રધાનમંત્રીના ૭૦મા જન્મ દિવસે ૭૦ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૮

પ્રદેશ મીડીયા સેલે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે આજરોજ પ્રદેશ કાર્યાલય-કમલમ્ ખાતે પ્રદેશ યુવા મોરચાના

અધ્યક્ષ ડૉ. ઋત્વિજ પટેલની અધ્યક્ષતામાં યુવા મોરચાની બેઠક મળી હતી. જેમાં પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ મહામંત્રી અને યુવા મોરચાના પ્રદેશ પ્રભારી કે. સી. પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ ભાર્ગવભાઈ ભટ્ટે ઉપસ્થિત રહી યુવા મોરચાના ઉપસ્થિત પદાધિકારી અને કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડૉ. ઋત્વિજ પટેલે ઉપસ્થિત કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું હતું કે આગામી ૧૭ સપ્ટેમ્બર ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીનો ૭૦મા જન્મદિવસ નિમિત્તે ગુજરાતભરમાં ૭૦ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન યુવા મોરચો કરશે અને જીલ્લા/મહાનગરોમાં દરેક બુથમાં ૭૦ વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરાશે. ૧૪ થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન પાર્ટી દ્વારા આયોજીત સેવા સપ્તાહ કાર્યક્રમમાં યુવા મોરચો અગ્રેસર રહી સેવાકીય કામોમાં જોડાશે. તા. ૨૫ સપ્ટેમ્બર "પંડિત દિનદયાળજી જન્મજયંતી" થી તા. ૨ ઑક્ટોબર "ગાંધી જયંતી" સુધી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન "આત્મનિર્ભર ભારત" અભિયાન અને સ્થાનિક/સ્વદેશી ઉત્પાદનોના પ્રોત્સાહન (Vocal for Local)ના અભિયાન અંતર્ગત પ્રચાર પ્રસારના કાર્યમાં યુવા મોરચો જોડાશે.

સરકાર દ્વારા ૨૩ મહેસૂલ સેવાઓ ઓનલાઈન કરાઈ

મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ નિર્ણય લેવાયો : રાજ્યમાં ડિજિટાઇઝેશન અને ઓનલાઈન પ્રક્રિયા હાથ ધરવામાં મહેસૂલ વિભાગ અગ્રેસર : પ્રજાલક્ષી નિર્ણય

ગાંધીનગર,તા.૮

ગુજરાત સરકારનાં ક્રાંતિકારી મહેસૂલી સુધારાઓના અમલ થકી રાજયનું મહેસૂલ વ્યવસ્થાપન પારદર્શક, સરળ, ઝડપી અને સંવેદનશીલ બન્યું છે. રાજયમાં ડિઝિટાઇઝેશન અને ઓનલાઈન પ્રકીયા હાથ ધરવામાં મહેસૂલ વિભાગ અગ્રેસર રહ્યું છે. જેના કારણે મહેસૂલ વિભાગ દ્વારા ટૂંકા સમયગાળામાં ૨૩ જેટલી મહેસૂલી સેવાઓ ઓનલાઈન કરવામાં આવી છે. ખેડૂતોના હિતને વરેલી રાજય સરકારે આજે વધુ એક કિસાન હિતલક્ષી નિર્ણય કર્યો છે. મહેસૂલ વિભાગમાં વધુને વધુ પ્રજાલક્ષી સુધારાઓ અને મહેસૂલી સેવાઓ વધુ સરળ બનાવવાના ભાગરૂપે વધુ ૩ મહેસૂલી સેવાઓ ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર તથા સબરજીસ્ટ્રાર કચેરી દ્વારા બોજાનું પ્રમાણપત્ર તથા વેચાણ દસ્તાવેજની અનુક્રમણિકા નં ૨ની નકલની સેવાઓ હવેથી ઓનલાઈન કરવામાં આવેલ છે. મંત્રી પટેલે આ અંગે વધુ વિગતો આપતા કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘ દ્રષ્ટિ અને સમયબધ્ધ આયોજનના પરીણામે આજે ગુજરાત દેશનું રોલ મોડલ બની રહ્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના નેતૃત્વવાળી રાજય સરકારે વિવિધ મહેસૂલી સુધારાઓ કર્યા છે જેના ખુબ જ સારા પરીણામો પ્રાપ્ત થઈ રહ્યાં છે ત્યારે રાજ્યના સુગ્રથિત વિકાસ માટે રાજ્યના તમામ ખેડૂત ખાતેદારોને લાભદાયી ખેડૂત ખરાઈ પ્રમાણપત્રની ઓનલાઈન પ્રક્રિયા વધુ સરળ બને તે માટે આ નિર્ણય મહત્વનો પુરવાર સાબિત થશે.મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજયમાં અન્ય તાલુકામાં ખેતીની જમીન ખરીદવી હોય તો ખેડૂત પ્રમાણપત્ર રજુ કરવાનું રહેતું હોય છે. તેમજ જમીનની શરતફેર, બિનખેતી જેવી વિવિધ પ્રકારની પરવાનગી માટેની અરજીઓ સાથે જરૂર જણાયે ખેડૂત પ્રમાણપત્ર રજુ કરવાનું રહેતું હોય છે. હાલમાં, ખેડૂત ખાતેદારના પ્રમાણપત્રની જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે જે તાલુકાના મૂળ ખેડૂત ખાતેદાર હોય તે મામલતદારને જરૂરી વિગત સહ લેખિતમાં અરજી કરવાની હોય છે અને મામલતદાર અરજીની વિગતો તેમજ રેવન્યુ રેકર્ડથી ચકાસણી કરી ખેડૂત ખાતેદાર પ્રમાણપત્ર આપવામાં આવે છે. સેવા ઓનલાઈન થવાથી અરજદારે જરૂરી વિગત સહ ઓનલાઈન અરજી કરી પછી સહી વાળી અરજી, નિયત કરેલ સોગંદનામું તથા ખાસ કોઈ પુરાવા હોય તો તે અપલોડ કરવાના રહેશે. ખાતેદારે અસલ અરજી, સોગંદનામું અને અપલોડ કરેલ પુરાવા અરજી તારીખથી દિન-૭માં સંબંધિત પ્રાંત કચેરીમાં મળે તે રીતે જમા કરાવવાના રહેશે. જ્યારે અરજી સાથે ગામ નમૂના નં. ૬, ૭/૧૨, ૮-અ જેવા કોઈ દસ્તાવેજો અપલોડ કરવાના નથી. પ્રાંત અધિકારી ૧૫ દિવસમાં નિર્ણય કરી મંજુરીના કિસ્સામાં ઓનલાઈન પ્રમાણપત્ર ઈસ્યુ કરશે તેમજ સિક્કાવાળી નકલ પણ ઈસ્યુ કરશે.

થલતેજમાં ઘાયલ મોરને ફોરેસ્ટ હોસ્પિ.માં ખસેડાયો

શહેરના થલતેજ વિસ્તારમાં ગંભીર રીતે ઘાયલ થયેલા મોરનું એનિમલ લાઈફ કેર દ્વારા રેસ્ક્યુ કરી સારવાર માટે ફોરેસ્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મોર ઝાડ પર બેઠો હતો ત્યારે અચાનક વાંદરાએ ઝાડ પર કૂદકો મારતા મોર ગભરાઈ ગયો હતો અને નીચે પડ્યો હતો જેમાં ઝાડની જાડી ડાળી તેને વાગી હતી.

સ્થાનિક લોકોએ એનિમલ લાઈફ કેરને ફોન કરી જાણ કરતા તેઓ આવ્યા હતા અને મોરને રેસ્ક્યુ કરી સારવાર માટે લઈ ગયા હતા. થલતેજ વિસ્તારમાં આવેલા કુમકમ બંગલોઝમાં સોમવારે ઝાડ પરથી મોર નીચે પટકાયો હતો.

કોરોના કાળમાં રાજ્યના પ્રવાસી શિક્ષકોને વેતનથી વંચિત રાખવામાં આવ્યા

પ્રવાસી શિક્ષકોએ પણ ઓનલાઈન કામગીરીની તૈયારી દર્શાવી : શિક્ષણ મંત્રીના કાર્યાલયે આવેદન પત્ર આપી મહેનતાણું ચુકવવા માંગ કરી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજ્યમાં કોરોના મહામારીના કારણે છેલ્લા સાતેક માસથી શાળાઓ બંધ છે અને હવે શિક્ષણકાર્ય ઓનલાઈન ચલાવાઈ રહ્યું છે. જો કે શાળાઓ બંધ હોવા છતાં રાજ્યમાં શિક્ષકોને પગાર ચુકવવામાં આવે છે પરંતુ રાજ્યના પ્રવાસી શિક્ષકોને સરકાર દ્વારા મહેનતાણુ ચુકવવાનું બંધ કરી દેવામાં આવ્યું છે જેના કારણે રાજ્યભરમાં અંદાજે ૫૫૦૦ જેટલા પ્રવાસી શિક્ષકોને કોરોના કાળમાં હાલત કફોડી થઈ જવા પામી છે. આ શિક્ષકો દ્વારા આજે શિક્ષણમંત્રીના કાર્યાલય ખાતે આવેદનપત્ર આપી તેમનુ મહેનતાણુ ચુકવવા માંગ કરવામાં આવી હતી.

રાજ્યમાં પ્રવાસી શિક્ષકો માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકમાં તેમની સેવાઓ આપી રહ્યાં છે જેમને તાસ દીઠ મહેનતાણુ ચુકવવામાં આવે છે જે અનુસાર માધ્યમિક માટે તાસદીઠ રૂ. ૭૫ જ્યારે ઉચ્ચત્તર માધ્યમિક માટે રૂ. ૯૦ તાસદીઠ મહેનતાણુ ચુકવવામાં આવતુ હતુ, વળી આ મહેનતાણુ સોમથી શુક્ર દરમ્યાન છ તાસ માટે અને શનિવારે પાંચ તાસ માટે ચુકવાતુ હતુ. રાજ્યમાં કોરોના મહામારીના કારણે લોકડાઉન લાગુ પડ્યાં બાદ ફરી શાળાઓ શરૂ થઈ શકી નથી. આ દરમ્યાન સરકારના કાયમી શિક્ષકો અને વિદ્યા સહાયકો ઓનલાઈન કામગીરી કરી રહ્યાં છે અને તેમને પુરતુ પગાર ધોરણ ચુકવાય છે. પ્રવાસી શિક્ષકોના કહેવા અનુસાર તેઓ પણ ઓનલાઈન કામગીરી સોંપવામાં આવે તો કરવા તૈયાર છે પરંતુ તે કરાવવામાં આવતી નથી અને વેતન પણ ચુકવવામાં આવતુ નથી જેના કારણે કોરોના મહામારીના કપરાં કાળમાં પ્રવાસી શિક્ષકોને પોતાના પરિવારનું ભરણપોષણ કરવું ખૂબ જ અઘરૂ થઈ જવા પામ્યુ છે. આજે કચ્છથી આવેલા કિર્તીભાઈ નામના પ્રવાસી શિક્ષકની આગેવાનીમાં એક પ્રતિનિધિ મંડળે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ઓફિસે આવેદન પત્ર આપી પ્રવાસી શિક્ષકોને કામ આપવા અને માર્ચથી ઓગષ્ટ સુધીના માસનું વેતન ચુકવવા માંગ કરી છે. આ સાથે તેમણે પ્રવાસી શિક્ષકોના વેતનમાં રવિવાર, તહેવાર કે અન્ય જાહેર રજા તથા દિવાળી અને ઉનાળુ વેકેશનનો પગાર આપવામાં આવતો નથી તે આપવા અને તેમના કામને અનુભવમાં ગણવા પણ માંગ કરી છે.

સિરામિક ઊદ્યોગોને ગેસ બિલમાં ૧૬ ટકાની રાહત

ઊદ્યોગોને પહેલાં બિલમાં રાહત આપ્યા બાદ ઉચ્ચસ્તરીય બેઠકમાં વધારાના રૂ. ૨.૫૦ની રાહતનો સરકારનો નિર્ણય

ગાંધીનગર,તા.૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના સિરામીક ઊદ્યોગોને ગેસ બિલમાં ૧૬ ટકાની રાહત આપતો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.આ નિર્ણયથી મોરબી, સુરેન્દ્રનગર અને સાબરકાંઠાના કુલ ૧૧૬૦ સિરામીક ઊદ્યોગોને ગુજરાત ગેસ કંપની લિમિટેડ અને સાબરમતી ગેસ લિમિટેડ ગેસના બિલમાં પ્રતિ પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મિટર રૂ. ૨.૫૦ વધારાની રાહત મળશે. અગાઉ વિજય રૂપાણીએ આ ઊદ્યોગોને પ્રતિ એસસીએમ રૂ. ૨(બે)ની બિલ રાહત આપ્યા બાદ આજે ઉચ્ચસ્તરીય બેઠકમાં વધારાના રૂ. ૨.૫૦ની રાહતનો નિર્ણય કર્યો હતો. મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે રાજ્યના સિરામીક ઊદ્યોગો વર્લ્ડ માર્કેટમાં કોમ્પીટ કરી શકશે-એકસપોર્ટ વધારી શકશે સાથે જ વધુ વિદેશી હુંડિયામણ મેળવી શકશે. કોરોના મહામારીની કારણે સિરામિક ઉદ્યોગો મુશ્કેલ સમયગાળામાંથી પસાર થઈ રહ્યા હોવાની મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ ઊદ્યોગકારોએ કરેલી રજૂઆતનો સંવેદનાત્મક પ્રતિસાદ આપતાં રાજ્ય સરકારે સિરામિક ઉદ્યોગોને મદદરૂપ થવાના આશયથી ગેસ બિલમાં આ વધારાની રૂ.૨.૫૦ ની રાહતનો નિર્ણય કર્યો છે.૦૮ સપ્ટેબરથી ગેસના ભાવોમાં રૂ. ૨.૫૦ની છુટ બાદ ફૂલ રૂ. ૪.૫૦ની રાહત દ્વારા ગેસના નવા ભાવ રૂ. ૨૪.૯૧ પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મિટર થયા છે. આ ભાવ મે-૨૦૨૦ માસના ભાવની તૂલનાએ ૧૬ ટકા ઓછા છે. મુખ્યમંત્રીના આ નિર્ણય ને ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ અને રાજ્યના તમામ સિરામિક ઉદ્યોગ આગેવાનો એ આવકારી ને વિજય રૂપાણી નો આભાર વ્યક્ત કર્યો છે.આમ, રાજ્યના સિરામિક ઉદ્યોગોને ગેસ બિલમાં ૧૬ ટકાનું ડિસ્કાઉન્ટ મળ્યું છે.

સલામત એસ.ટી.ને સવારી મળતી નથી મુસાફરોમાં હજુ કોરોના સંક્રમણનો ભય

ગાંધીનગર ડેપોમાંથી ૨૬૦ ટ્રીપોનુ સંચાલન છતા અપડાઉન કર્તાઓ હજુ કેબ સર્વિસ કે ખાનગી વાહનોનો ઉપયોગ કરવાનુ જ પસંદ કરે છે : એસ.ટી. નિગમને આવકમાં નુકશાની

ગાંધીનગર તા ૮

ગાંધીનગર એસ ટી ડેપોમાં કોરોના કાળના લોકડાઉન બાદ ધીમે ધીમે તમામ બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. લોકડાઉનના પ્રાંરભિક તબક્કે લાંબા સમય સુધી એસ ટી બસ સેવા બંધ રહી હતી જયારે હાલ શહેરી બસ સેવાના ૨૬૦ ટ્રીપોનુ સંચાલન ડેપો દ્વારા કરવામાં આવે છે. જયારે સૌરાષ્ટ્ર સહીતના રૂટોમાં રાત્રિ અને સ્લીંપીંગ બસો પણ શરૂ કરી દેવામાં આવી છે. આમછતા હજુ સલામત એસ ટીને પુરતી સવારી મળતી નથી.

કોરોના કાળના ૬ મહીના બાદ પણ એસ ટીના પૈડા હજુ પાટે ચઢયા નથી. ગાંધીનગર ડેપો દ્વારા લોકડાઉનમાં છુટ અપાયા બાદ તબક્કાવાર બધી બસો રૂટમાં દોડાવામાં આવી રહી છે પોઈન્ટ બસ સેવા બાદ શહેરી બસ સેવા અને અન્ય બહારગામના રૂટોની બસો પણ દોડતી થઈ ગઈ છે. ગત માર્ચ મહીના પુર્વે ગાંધીનગર ડેપોથી અંદાજિત ૫૦૦ જેટલી ટ્રીપોનુ સંચાલન કરવામાં આવતુ હતુ જયારે હાલ પ્રતિદિન ૨૬૦ શહેરી બસ સેવાની ટ્રીપનુ સંચાલન કરવામાં આવે છે. પરંતુ

હજુ એસ ટી બસોમાં જોઈએ તેવો ટ્રાફિક જોવા મળતો નથી. અલબત્ત એસ ટી ની બસોમાં હજુ પણ પુરતા મુસાફરો જોવા મળતા નથી. કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ છે ત્યારે તેનાથી બચવા માટે મુસાફરો મોટાભાગે ખાનગી વાહનો તેમજ ટેક્ષી સર્વિસ અને પોતાની કાર તેમજ વાહનનો ઉપયોગ કરવાનુ જ મુનાસિબ માને છે. આવા સંજોગોમાં વિવિધ રૂટમાં દોડતી એસ ટી બસ સેવામાં ટ્રાફિકનો અભાવ વર્તાય છે. ગાંધીનગર ડેપોથી બહારગામના રૂટ ઉપરાંત સૌરાષ્ટ્ર રૂટની રાત્રિ બસ સેવા તેમજ સ્લીંપીંગ કોચની બસો પણ શરૂ કરી દેવામાં આવી છે. જયારે શહેરી બસ સેવામા મુસાફર પાસ હોવાછતા અપડાઉન કર્તાઓ મોટાભાગે સલામત સવારીનો ઉપયોગ કોરોના કાળમાં ટાળી રહ્યા છે. જેના લીધે એસ ટી નિગમને પણ આર્થિક ખોટ સહન કરવી પડે છે. ગાંધીનગર ડેપોએ પણ આર્થિક નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે. કોરોના કાળના ૬ મહીના બાદ પણ હજુ એસ ટી બસના પૈડા પાટે ચઢયા ન હોય તેવી સ્થિતિ છે. ગાંધીનગર ડેપોની આવકને પણ મોટો આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો છે.

આધારશિલા સ્કૂલના આચાર્યા સ્મિતાબેન શેઠનું દુઃખદ નિધન

આધારશીલા હાયર સેકન્ડરી સ્કુલ, વલાદના આચાર્યા અને શ્રી એમ. બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, કડી કેમ્પસ, ગાંધીનગરના પૂર્વ સુપરવાઈઝર શ્રીમતી સ્મિતાબેન સમીરભાઈ શેઠનું આજે ૫૧ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ દુઃખદ નિધન થયું છે. તેઓ છેલ્લા કેટલાક સમયથી લિવરની બિમારીથી પિડાતા હતા.

ગાંધીનગરના સેક્ટર-૧- બી માં નિવાસ કરતા શ્રીમતી સ્મિતાબેન સમીર શેઠ શિક્ષણ ક્ષેત્રે લોકપ્રિયતા ધરાવતા હતા. કડક શિસ્તના આગ્રહી એવા આ શિક્ષિકા વિદ્યાર્થીઓમાં અત્યંત પ્રિય હતા. આજે બપોરે સ્મિતાબેન શેઠનું નિધન થતાં પરિવારજનો અને મિત્ર વર્તુળમાં આઘાત અને દુઃખની લાગણી પ્રસરી ગઈ હતી.

આજે મોડી સાંજે સરગાસણ સ્મશાન ગૃહ ખાતે તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા. પરિવારમાં પતિ શ્રી સમીરભાઈ બચુભાઈ શેઠ અને પુત્ર શ્રી ધ્રુવ સમીર શેઠને તેઓ વિલાપ કરતા છોડી ગયા છે.

રાજ્યમાં સિસ્ટમ સક્રિય ન હોઈ હાલ વરસાદ નહીં પડે

ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રૂપની બેઠક યોજાઈ : સૌરાષ્ટ્ર તેમજ ગુજરાત રિજીયનમાં ૧૧-૧૨ સપ્ટેમ્બરના રોજ હળવાથી ભારે વરસાદ થવાની શક્યતા

ગાંધીનગર,તા.૮

રાહત કમિશનર અને અધિક સચિવ હર્ષદ આર. પટેલના અધ્યક્ષ સ્થાને વેધર વોચ ગૃપનો વેબીનાર આજે ગાંધીનગર ખાતેથી યોજવામાં આવ્યો હતો. હાલમાં કોઈ નોંધપાત્ર સાયક્લોનિક સિસ્ટમ સક્રીય ન હોવાથી હવે ગુજરાતમાં વરસાદ થવાની શકયતા નહિંવત છે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. વેધર વોચ ગૃપનો વેબીનાર બાદ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે મિડીયાને વિગતો આપતા રાહત કમિશનર હર્ષદ પટેલે જણાવ્યુ કે, આજે સવારે ૬.૦૦ થી બપોરના ૧૬.૦૦ સુધી ૧૧ તાલુકાઓમાં ૧ મીમી થી લઈ ૧૫ મીમી સુધી વરસાદ નોધાયો છે.

જેમાં તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં સૌથી વધુ ૫૦ મીમી વરસાદ વરસ્યો છે. રાજયમાં અત્યાર સુધી તા.૦૮/૦૯/૨૦૨૦ અંતિત ૧૦૧૨.૧૨ મીમી વરસાદ પડ્યો છે. જે પાછલા ત્રીસ વર્ષની રાજયની એવરેજ ૮૩૧ મીમી ની સરખામણીએ ૧૨૧.૭૯% છે. પટેલે કહ્યુ કે, આઈએમડીના અધિકારીશ્રી દ્વારા આ બેઠકમાં જણાવાયુ છે કે, ?રાજયના સૌરાષ્ટ્ર તેમજ ગુજરાત રીજીયનમાં તા.૧૧ અને ૧૨ સપ્ટેમ્બરના રોજ હળવો વરસાદ થવાની અને તા.૧૮ થી ૨૪ દરમિયાન વરસાદમાં સામાન્ય વધારો થવાની શક્યતા છે. તે સિવાય ગુજરાતના અન્ય સ્થળોએ આગામી દિવસોમાં વરસાદ થવાની શકયતા નહિવત છે.બેઠકમાં કૃષિ વિભાગ દ્વારા જણાવાયું હતું કે, રાજયમાં ચાલુ વર્ષે તા.૦૭/૦૯/૨૦૨૦ સુધીમાં અંદાજીત ૮૫.૧૧ લાખ હેક્ટર ખરીફ પાકોનું વાવેતર થયુ છે. જે ગત વર્ષે સમાન સમયગાળા દરમિયાન ૮૪.૪૩ લાખ હેક્ટર વાવેતર થયુ હતું.

નામ બદલાયેલ છે

આથી હું પ્રકાશ પુનમચંદ પરમાર જણાવું છે કે અગાઉ પ્રકાશચંદ્ર પુનમભાઈ પરમાર તરીકે ઓળખાતો હતો. હવે પ્રકાશ પુનમચંદ પરમાર તરીકે ઓળખાઈશ.

- પ્રકાશ પુનમચંદ પરમાર
અંબા ટાઉનશીપ, અડાલજ
(ગાંધીનગર)

શેર ઇન્ડિયા સિક્યોરિટીઝ લીમીટેડ
Share India
CIN: L67120GJ1994PLC115132
રજીસ્ટર્ડ ઓફીસ : યુનિટ નં. ૬૦૪-એ, ૬૦૪-બી, ૬૦૫-એ, ૬૦૫-બી, છઠ્ઠુ માળ, ટાવર-એ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, ગિફ્ટ સિટી, બ્લોક-૫૧ ઝોન-૫, રોડ પંથ, ગિફ્ટ સિટી ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૫૫
ફોન: +૯૧-૧૧-૪૩૦૧૧૦૦૦; વેબસાઇટ: www.shareindia.com ઇમેલ: vikas_cs@shareindia.com

૨૬મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે **શેર ઇન્ડિયા સિક્યોરીટીઝ લીમીટેડ**ના સભ્યોની ૨૬મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) કંપની કાયદા, ૨૦૧૩ ની લાગુ જોગવાઇઓ અને તે હેઠળ બનેલ નિયમો અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (એમસીએ) દ્વારા જારી કરાયેલ સામાન્ય પરિપત્ર તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦ અને ૫ મે, ૨૦૨૦ અને અન્ય લાગુ પરિપત્રો અને સેબી પરિપત્ર તારીખ ૧૨ મે, ૨૦૨૦ (સેબી પરિપત્ર) ના પાલન હેઠળ બુધવાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે વિડિયો કોન્ફરન્સીંગ (વીસી) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) સવલત દ્વારા એજીએમની નોટીસમાં જણાવેલ કાર્યો પાર પાડવા માટે યોજાશે.
સદરહું એમસીએ અને સેબી પરિપ